# બિહાર માટે ખાસ શ્રેણીનો દરજ્જો

- શ્રી અરૂણ જેટલી

વિપક્ષી નેતા (રાજ્ય સભા)

દેશના પૂર્વીય ભાગમાં કેટલાક રાજ્યોમાં અન્ય રાજ્યોની સરખામણીએ આર્થિક પ્રગતિ થઈ નથી. તે રાજ્યોને કુદરતી ગેરલાભ પણ મળેલો છે. તેઓની સંસાધનોના સર્જનની ગતિશીલતા અપૂરતી છે. ખાસ શ્રેણીનો દરજ્જો ઉચ્ચ મધ્યમ આવક અને અનુદાનની ખાતરી આપી શકે કે જે બહેતર પરિસ્થિતિ માટે ફાયદાકારક બની શકે છે .

બિહાર ખાસ શ્રેણીનો દરજ્જો મેળવવા માટે આશાસ્પદ કરવામાં આવી છે. મૂળ બિહારના વિભાજનને લીધે બિહાર અને ઝારખંડ વચ્ચે કુદરતી સંસાધનો ઝારખંડનો ભાગ બની ગયો. બિહાર માટે ખાસ શ્રેણીનો દરજ્જો આપવાની માગણી વર્ષોથી વારંવાર ઊઠતી રહી છે. બિહારમાં રાજકીય પક્ષો વચ્ચે આ મુદ્દા પર સર્વસંમતિ છે. કોંગ્રેસ છેલ્લા બે વર્ષથી બિહાર માટે ખાસ શ્રેણીનો દરજ્જો આપવા જેડી(યુ)ની માગણી માટે કૂણું વલણ ધરાવે છે. વર્ષ 2013માં સામાન્ય બજેટ ભાષણમાં નાણાં પ્રધાને હકીકતમાં બિહાર માટે ખાસ શ્રેણીનો દરજ્જો આપવા માટે એક સમિતિની રચના કરવાનો સંકેત આપ્યો હતો. આ ખાતરી બિહારની આર્થિક જરૂરિયાતો કરતાં વધુ રાજકીય ઈરાદાસરની હતી. યુપીએનો હેતુ બિહાર માટે ખાસ શ્રેણીનો દરજ્જો જેડી (યુ)ને આકર્ષવા પૂરતી હતી. જેડી (યુ)ના બાહોશ નેતૃત્વ પર તેની કેવી રીતે અસર થઈ તેની ખબર નથી. તેની સાથે જ, આરજેડી અને જેડી (યુ) કોંગ્રેસ સાથે હાથ મિલાવવા ઈચ્છે છે. અખબારી અહેવાલો મુજબ હવે આરજેડી અને કોંગ્રેસ વચ્ચે બેઠક વહેંચણી મુદ્દો જ અટકેલો છે. જેડી (યુ)એ ખાસ શ્રેણીના દરજ્જાની માગણી સાથે રાજ્યવ્યાપી વિરોધનું આયોજન કર્યું હતું. જેડી (યુ) હવે, કોંગ્રેસ સાથે જોડાણ માટે પ્રયાસ કરી શકે છે એવા સંકેતો પ્રસાર માધ્યમોએ આપ્યા છે.